# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

બ્લોક નં. ૨, પહેલો માળ " કર્મયોગી ભવન " નિર્માણ ભવનની પાછળ સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

**જાહેરાત ક્રમાંકઃ ૮૭/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭ અંગેની વિગતવાર વિગતો/સુચનાઓ**

**(વેબસાઇટ એડ્રેસ :** https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in**)**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા (૧) નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી (૨) ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તેમજ (૩) શ્રમ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર હસ્તકના વર્ગ-૩ ના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ ઉપર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા. ૦૮/૧૧/૨૦૧૬** (બપોરના ૧૪-૦૦ કલાક) **થી** તા. ૧૯/૧૧/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત (આગળ ફકરા નં. ૭ માં દર્શાવેલ ) આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. પરીક્ષા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની **https://gsssb.gujarat.gov.in** વેબસાઇટ પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું તેમજ કેટલીક સૂચનાઓ મોબાઇલ નંબર પર **SMS** થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

**૧. સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | સામાન્ય વર્ગ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જન જાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૮૭/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | વાયરમેન | ૦૭ | ૦૧ | - | - | - | - | - | - | ૦૮ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૮/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | આસીસ્ટન્ટ મશીનમેન | ૨૫ | ૧૨ | ૦૩ | - | ૦૩ | - | ૧૧ | ૦૪ | **૫૮** |
| ૮૯/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | મિકેનીક | ૦૮ | - | - | - | - | - | - | - | **૦૮** |
| ૯૦/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૦૩ | ૦૧ | - | - | - | - | - | - | **૦૪** |
| ૯૧/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | આસીસ્ટન્ટ બાઇન્ડર | ૦૯ | ૦૩ | ૦૧ | - | - | - | ૦૭ | - | **૨૦** |
| ૯૨/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | કોપી હોલ્ડર | ૦૪ | - | - | - | - | - | - | - | **૦૪** |
| ૯૩/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | જુનીયર આસીસ્ટન્ટ (સ્ટાન્ડર્ડ બ્રાન્ચ) | ૦૩ | - | - | - | - | - | - | - | **૦૩** |
| ૯૪/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | પ્રોસેસ આસીસ્ટન્ટ | ૦૧ | - | - | - | - | - | - | - | **૦૧** |
| ૯૫/૨૦૧૬૧૭ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક | ૦૫ | ૦૨ | ૦૧ | - | ૦૨ | - | ૦૪ | ૦૧ | **૧૫** |
| ૯૬/૨૦૧૬૧૭ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક | ૦૯ | ૦૫ | ૦૧ | - | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૨ | **૨૫** |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૭/૨૦૧૬૧૭ | શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર | જુનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ | ૦૪ | ૦૧ | - | - | - | - | - | - | ૦૫ |
| **કુલ** | | | ૭૮ | ૨૫ | ૦૬ | - | ૦૮ | ૦૧ | ૨૬ | ૦૭ | ૧૫૧ |

**નોંધ**:- (૧) જા. ક્ર. ૯૫/૨૦૧૬૧૭ ની ૧૫ જગ્યાઓ પૈકી– ૦૧ જગ્યા, જા. ક્ર. ૯૬/૨૦૧૬૧૭ ની ૨૫ જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓ માજી સૈનિકો માટે અનામત છે.

(૨) જા. ક્ર. ૯૫/૨૦૧૬૧૭ ની- ૧૫ જગ્યાઓ પૈકી– ૦૧ જગ્યા, જા. ક્ર. ૯૬/૨૦૧૬૧૭ ની ૨૫ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા હલન-ચલનની (**OA** અને **OL** પ્રકારની) ની વિકલાંગતાવાળા ઉમેદવારો માટે અનામત છે.

(૩) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૪) જે તે કેટેગરીમાં મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૫) વિકલાંગ તથા માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો તેવી જગ્યાઓ માટે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના સામાન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કૂલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઇ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કૂલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મેરીટસમાં આવતી મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

## ૨. <u>પગારધોરણ</u> :-

નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના તથા તા.૨૯/૪/૨૦૧૦ અને તા. ૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-ખરચ -૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-ખરચ -૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે અને ફિકસ પગાર ઉપર નિયત માસિક ખાસ ભથ્થું મળવાપાત્ર થશે. ઉપરાંત ખાસ ભથ્થા ઉપર વાર્ષિક નિયત વધારો મળવાપાત્ર થશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪-૬-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક:-

સીઆરઆર-૧૧૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ખાતાની વડાની કચેરીનુંનામ | સંવર્ગનું નામ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિકસ પગાર | ફિકસ પગાર ઉપર મળવાપાત્ર " માસિક ખાસ ભથ્થું" | ખાસ ભથ્થા ઉપર મળવાપાત્ર વાર્ષિક વધારો |
|---|---|---|---|---|---|
| ૮૭/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | વાયરમેન | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૮૮/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | આસીસ્ટન્ટ મશીનમેન | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૮૯/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | મિકેનીક | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૦/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૧/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | આસીસ્ટન્ટ બાઇન્ડર | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૨/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | કોપી હોલ્ડર | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૩/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | જુનીયર આસીસ્ટન્ટ (સ્ટાન્ડર્ડ બ્રાન્ચ) | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૪/૨૦૧૬૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગર | પ્રોસેસ આસીસ્ટન્ટ | ૭,૮૦૦/- | ૨૨૦૦/- | ૧૫૦૦/- |
| ૯૫/૨૦૧૬૧૭ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક | ૧૩૫૦૦/- | ૧૫૦૦/- | ૧૫૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૬/૨૦૧૬૧૭ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક | ૧૩,૭૦૦/- | ૧૮૦૦/- | ૧૫૦૦/- |
| ૯૭/૨૦૧૬૧૭ | શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર | જુનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૩,૫૦૦/- | ૧૫૦૦/- | ૧૫૦૦/- |

3. **રાષ્ટ્રીયતા**:- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવો જોઇએ.

**૪.(૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો:-**

| જા.ક્ર. | સંવર્ગ | વયમર્યાદા / શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૮૭/૨૦૧૬૧૭ | વાયરમેન | (ક) તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૬ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(ખ) (૧) ઉમેદવાર ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી સંસ્થાએ આપેલ **ઇલેક્ટ્રીકલ અથવા ઇલેક્ટ્રોનિકસ એન્જીનિયરીંગનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે. ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ઇલેક્ટ્રીકલ અથવા ઇલેક્ટ્રોનિકસ એન્જીનિયરીંગની ડિગ્રી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>**અથવા**<br>(૨) માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે યોજેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (S.S.C.) પાસ કરેલ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને**<br>(૩) સરકારે માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલ **સેકન્ડ કલાસ વાયરમેન પ્રમાણપત્ર** ધરાવતો હોવો જોઇશે અથવા સરકરે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને**<br>(૪) ઉપર ઠરાવ્યા પ્રમાણેની લાયકાત મેળવ્યા પછી, વાયરીંગનો, ઇલેક્ટ્રીકલ સ્થાપન (ઇન્સ્ટોલેશન) અને સમારકામના કામનો **ત્રણ વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે:<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે:<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અને/ અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો |

| | | |
|---|---|---|
| | | જોઇશે:.<br><br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| ૮૮/૨૦૧૬૧૭ | આસીસ્ટન્ટ મશીનમેન | **(ક) તા. ૧૯/૧૧/૨૦૧૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૮ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>**(ખ)** (૧) ઉમેદવારે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા(**S.S.C.**) પાસ કરેલ હોવો જોઇશે **અથવા** સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે,<br><br>(૨) ઓફસેટ મશીન માઇન્ડરના ટ્રેડમાં **ઔદ્યોગિક તાલીમ સંસ્થાના પ્રમાણપત્ર** અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઇશે **અથવા** સરકર માન્ય તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ડિગ્રી ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે.તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.) **અને**<br><br>(૩) ઉમેદવાર ભારે શ્રમ કાર્ય કરવા સક્ષમ હોવો જોઇશે.<br>**( ઉમેદવારે પ્રમાણપત્રોની ચકાસણી સમયે ભારે શ્રમકાર્ય કરવા સક્ષમ હોવા બાબતનું સીવીલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.)**<br>(૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે:<br>**(ગ)** પ્રિન્ટીંગ પ્રેસમાં જુદા જુદા પ્રકારના ઓટોમેટિક ઓફસેટ પ્રિન્ટીંગ મશીનો ચલાવવાનો, મશીનોના ઓઇલીંગ (મશીનોમાં તેલ પૂરવાનો) અને તેની સફાઇ કરવાનો **ઓછામાં ઓછો બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>**(ઘ)** ઉમેદવાર ગુજરાતી અને/ અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:.<br>ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે |
| ૮૯/૨૦૧૬૧૭ | મિકેનીક | **(ક) તા. ૧૯/૧૧/૨૦૧૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને 33 વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>**(ખ)** (૧) ઉમેદવાર ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રિય અથવા |

| | | |
|---|---|---|
| | | રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **મિકેનીકલ એન્જીનિયરીંગનો ડિપ્લોમા** ધરાવતો હોવો જોઇશે. **અથવા** સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે મિકેનીકલ એન્જીનિયરીંગની ડિગ્રી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે.તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>**અથવા**<br>(૨) સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા અથવા સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી ફિટર ટ્રેડ સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) ધરાવતો હોવો જોઇશે **અથવા** નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ- એ માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ. અને નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ-એ પ્રમાણિત કરેલ ફિટર ટ્રેડમાં સફળતાપૂર્વક એક વર્ષની એપ્રેન્ટિસશિપ પૂરી કરી હોવી જોઇશે, **અથવા**<br>(૩) ત્રણ વર્ષ (બે વર્ષની બુનિયાદી/પાયાની તાલીમ સહિત) સફળતાપૂર્વક પૂરા કર્યા પછી અને નેશનલ કાઉન્શિલ ફોર વોકેશનલ ટ્રેનિંગના ફિટર-ટ્રેડ નેશનલ એપ્રેન્ટિસશિપ સર્ટિફિકેટમાં પાસ થયેલો હોવો જોઇશે.<br><br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે<br>વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| ૯૦/૨૦૧૬૧૭ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | (ક) **તા. ૧૯/૧૧/૨૦૧૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(ખ) (૧) ઉમેદવાર માધ્યમિક **અથવા** ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં પાસ કરેલ હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને** |

| | | |
|---|---|---|
| | | (૨) ઔદ્યોગિક તાલીમ સંસ્થાની પરીક્ષાનો પ્લેટ મેકીંગ (પ્લેટ બનાવવાનો) પ્રમાણપત્ર અભ્યાસક્રમ ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ડિગ્રી ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>(3) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે:<br>(ગ) ઓછામાં ઓછું એક ઓફસેટ મશીન હોય તેવા પ્રિન્ટીંગ પ્રેસમાં અદ્યતન ફોટોગ્રાફી પ્રોસેસીસ ઓફસેટ પ્લેટ મેકીંગ અને ગ્રેઇનીંગ વગેરેનો આશરે એક વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે:<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:.<br><br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| ૯૧/૨૦૧૬૧૭ | આસીસ્ટન્ટ બાઇન્ડર | **(અ) તા. ૧૯/૧૧/૨૦૧૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>**(બ)** (૧) ઉમેદવારે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને**<br><br>(૨) સરકારે માન્ય કરેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી બુક બાઇન્ડર (પુસ્તકના બંધાઇકાર) ના કામ (ટ્રેડ) માટેનો અભ્યાસક્રમ પાસ કર્યાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે. ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ડિગ્રી ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે.તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>(૩) ઉમેદવાર ભારે શ્રમ કાર્ય કરવા સક્ષમ હોવો જોઇશે. |

| | | |
|---|---|---|
| | | ( ઉમેદવારે પ્રમાણપત્રોની ચકાસણી સમયે ભારે શ્રમકાર્ય કરવા સક્ષમ હોવા બાબતનું સીવીલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.)<br>(૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે: અને<br>(ક) ઉમેદવાર પુસ્તકની બાંધણીને લગતા તમામ કામની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે અને બાઇન્ડીંગ વિભાગના કોઇપણ મશીન પર મદદનીશ તરીકે કામ કરવા સક્ષમ હોવો જોઇશે.<br>(ડ) ઉમેદવાર ગુજરાતી અને/ અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:.<br>ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે |
| ૯૨/૨૦૧૬૧૭ | કોપી હોલ્ડર | **(અ) તા. ૧૯/૧૧/૨૦૧૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(બ) (૧) ઉમેદવારે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, એક વિષય તરીકે અંગ્રેજી સાથે પાસ કરેલ હોવી જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી અને ડિગ્રી ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે:<br>(ક) (૧) પ્રિન્ટીંગ પ્રેસમાં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં તૈયાર કરવામાં આવેલી હસ્તપ્રતો ખરી રીતે વાંચવાનો, હસ્તપ્રત વાંચવાનો અને વિરામ ચિન્હો મુકવાનો અને પ્રુફ રીડીંગનો **એક વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ડ) ઉમેદવાર ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:.<br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી |

| | | |
|---|---|---|
| | | શકાશે |
| ૯૩/૨૦૧૬૧૭ | જુનીયર આસીસ્ટન્ટ (સ્ટાન્ડર્ડ બ્રાન્ચ) | (ક) તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી.એકટ-૧૯૫૬નાસેકશન-૩ હેઠળ ડીમ્યુડયુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **બેચલર ઓફ કોમર્સ**ની પદવી ધરાવતો હોવો જોઇશે. **અથવા** સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે: અને<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દીનું અથવા બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:. |
| ૯૪/૨૦૧૬૧૭ | પ્રોસેસ આસીસ્ટન્ટ | (અ) તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૬ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(બ) (૧) ઉમેદવાર સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી પ્રિન્ટીગ ટેકનોલોજીમાં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઇશે **અથવા** સરકારે આ હેતુ માટે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવ તો હોવો જોઇશે. ( આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિગ્રી ઇન પ્રિન્ટીંગ ટેકનોલોજી ને ઉદ્યોગ અને ખાણ વિભાગે ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલ છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)<br>**અથવા**<br>(૨) (૧) માધ્યમિક અને/અથવા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ સાથે ઉત્તીર્ણ કરેલી હોવી જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને**<br>(૨) પ્લેટમેકરનું ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, **અને** |

| | | |
|---|---|---|
| | | (૩) ઓફસેટ પ્રિન્ટીંગ મશીનો ધરાવતા પ્રિન્ટીંગ પ્રેસના પ્રોસેસ પ્રભાગમાં ઓછામાં ઓછા ૨(બે) વર્ષનો પ્રત્યુક્ષ અનુભવ ધરાવતો હોવો જોઇશે:<br>(ક) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવ તો હોવો જોઇશે:<br>(ડ) ઉમેદવાર ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવ તો હોવો જોઇશે:.<br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| ૯૫/૨૦૧૬૧૭ | જુનીયર ઉદ્યોગ નિરીક્ષક | (ક) તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય **અથવા** રાજ્ય અધિનિયમથી **અથવા** તે હેઠળ સ્થપાયેલી **અથવા** સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી **અથવા** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ -૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે ગણાતી **અથવા** તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એન્જિનીયરીંગ **અથવા** ટેકનોલોજી ની સ્નાતકની પદવી (સિવિલ એન્જિનિયરીંગ સિવાયની) ધરાવતો હોવો જોઇશે **અથવા** સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ,<br>**અથવા**<br>(૨) ટેકનિકલ પરીક્ષા બોર્ડ **અથવા** સરકારે તે તરીકે માન્ય કરેલ બીજી સંસ્થામાંથી એન્જિનીયરીંગ **અથવા** ટેકનોલોજી નો ડિપ્લોમાં (સિવિલ એન્જિનીયરીંગના ડિપ્લોમા સિવાય) ધરાવતો હોવો જોઇશે. **અને** સરકારમાં અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોઇ ઉદ્યોગ અથવા મોટા પાયાના ઔદ્યોગિક ગૃહો અથવા કંપની અધિનિયમ- ૨૦૧૩ હેઠળ સ્થપાયેલ કંપનીમાં તકનીકી કાર્યકર તરીકે (પણ મજૂર તરીકે નહીં.) નો પ્રત્યક્ષ (પ્રેકટીકલ) કામગીરીનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ,<br>**એન્જિનીયરીંગ અથવા ટેકનોલોજી ની સ્નાતકની પદવી /ડિપ્લોમા માં સિવિલ એન્જિનીયરીંગની સ્નાતકની પદવી/ડિપ્લોમા ને બાકાત રાખતાં તે સિવાયના વિષયોની વિગતો આ પ્રમાણે રહેશે.**<br>(૧) Aeronautical Engineering (૨) Automobile Engineering (૩) Industrial Engineering (૪) Mechanical Engineering (૫) Mechatronic Engineering (૬) Metallurgy Engineering (૭) Production Engineering (૮) Manufacturing Engineering |

| | | |
|---|---|---|
| | | ( ૯) Chemical Engineering (૧૦) Plastic Technology (૧૧) Rubber Technology (૧૨) Chemical Technology (૧૩) Environmental Engineering (૧૪) Environmental Science and Technology (૧૫) Environmental Science and Engineering (૧૬) Food Processing Technology (૧૭) mining Engineering (૧૮) Textile Processing Engineering (૧૯) Textile Technology (૨૦) Bio - Technology (૨૧) Nano- Technology (૨૨) Bio- Medical Engineering (૨૩) Instrumentation & Control Engineering (૨૪) Computer Engineering (૨૫) Information Technology (૨૬) Computer Science and Engineering (૨૭) Information & Communication Technology (૨૮) Electrical & Electronics Engineering (૨૯) Electronics Engineering (30) Electronics & Communication Engineering (3૧) Electronics & Telecommunication Engineering (3૨) Electrical Engineering (3૩) Power Electronics Engineering ના વિષયોની સ્નાતકની પદવી/ ડિપ્લોમાનો સમાવેશ થાય છે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવી વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ,<br>(ઘ) ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ,<br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર પહેલેથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાશે. |
| ૯૬/૨૦૧૬૧૭ | સીનીયર ઉદ્યોગ નિરીક્ષક | (ક) તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય **અથવા** રાજ્ય અધિનિયમથી **અથવા** તે હેઠળ સ્થપાયેલી **અથવા** સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી **અથવા** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ -૧૯૫૬ ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી **અથવા** તે તરીકે માન્ય થયેલી બીજો કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી **એન્જિનીયરીંગ અથવા ટેકનોલોજી** ( **સિવિલ એન્જિનીયરીંગ સિવાયની** ) માં દ્વિતિય વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ,<br>**એન્જિનીયરીંગ અથવા ટેકનોલોજીની સ્નાતકની પદવીમાં સિવિલ એન્જિનીયરીંગની સ્નાતકની પદવીને બાકાત રાખતાં તે સિવાયના** |

| | | |
|---|---|---|
| | | વિષયોની વિગતો આ પ્રમાણે રહેશે.<br>(૧) Aeronautical Engineering (૨) Automobile Engineering (૩) Industrial Engineering (૪) Mechanical Engineering (૫) Mechatronic Engineering (૬) Metallurgy Engineering (૭) Production Engineering (૮) Manufacturing Engineering (૯) Chemical Engineering (૧૦) Plastic Technology (૧૧) Rubber Technology (૧૨) Chemical Technology (૧૩) Environmental Engineering (૧૪) Environmental Science and Technology (૧૫) Environmental Science and Engineering (૧૬) Food Processing Technology (૧૭) mining Engineering (૧૮) Textile Processing Engineering (૧૯) Textile Technology (૨૦) Bio - Technology (૨૧) Nano- Technology (૨૨) Bio-Medical Engineering (૨૩) Instrumentation & Control Engineering (૨૪) Computer Engineering (૨૫) Information Technology (૨૬) Computer Science and Engineering (૨૭) Information & Communication Technology (૨૮) Electrical & Electronics Engineering (૨૯) Electronics Engineering (૩૦) Electronics & Communication Engineering (૩૧) Electronics & Telecommunication Engineering (૩૨) Electrical Engineering (૩૩) Power Electronics Engineering ના વિષયોની સ્નાતકની પદવીનો સમાવેશ થાય છે.<br>**અથવા**<br>(૨) ટેકનિકલ પરીક્ષા બોર્ડ **અથવા** ભારતમાં કેન્દ્રીય **અથવા** રાજ્ય અધિનિયમથી **અથવા** તે હેઠળ સ્થપાયેલી **અથવા** સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી **અથવા** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ -૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે ગણાતી **અથવા** તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **એન્જિનીયરીંગ** (સિવિલ એન્જિનીયરીંગના ડિપ્લોમા સિવાય) નો ડિપ્લોમાં ધરાવતો હોવો જોઇશે **અને**<br>ગુજરાત રાજયના ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીની તાબાની કચેરીમાં જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગ્યા પરનો **આશરે બે વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે. **અથવા**<br>ગુજરાત રાજયના ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીની તાબાની સેવામાં જુનીયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ-૩ ની જગ્યાને સમકક્ષ જગ્યા ગણી શકાય તેવી જગ્યા પરનો સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર |

| | | |
|---|---|---|
| | | હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ- ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં માલના ઉત્પાદન અથવા તેની બનાવટના ક્ષેત્રમાં **આશરે બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>**એન્જિનીયરીંગના ડિપ્લોમામાં સિવિલ એન્જિનીયરીંગના ડિપ્લોમા ને બાકાત રાખતાં તે સિવાયના નીચેના વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે.**<br>(૧) Aeronautical Engineering (૨) Automobile Engineering (૩) Industrial Engineering (૪) Mechanical Engineering (૫) Mechatronic Engineering (૬) Metallurgy Engineering (૭) Production Engineering (૮) Manufacturing Engineering (૯) Chemical Engineering (૧૦) Environmental Engineering (૧૧) Environmental Science and Engineering (૧૨) mining Engineering (૧૩) Textile Processing Engineering (૧૪) Bio- Medical Engineering (૧૫) Instrumentation & Control Engineering (૧૬) Computer Engineering (૧૭) Computer Science and Engineering (૧૮) Electrical & Electronics Engineering (૧૯) Electronics Engineering (૨૦) Electronics & Communication Engineering (૨૧) Electronics & Telecommunication Engineering (૨૨) Electrical Engineering (૨૩) Power Electronics Engineering<br>**(ગ)** ગુજરાત મુલ્કી સેવી વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ,<br>**(ઘ)** ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ,<br>પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર પહેલેથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાશે. |
| ૯૭/૨૦૧૬૧૭ | જુનીયર ટેકનિકલ આસીસ્ટન્ટ | **(ક)** તા. ૧૯/૧૧/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈશે.<br>**(ખ)** (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણ યુનિવર્સિટીમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલ બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ કોઇપણ યુનિવર્સિટીમાંથી મેળવેલ મિકેનિકલ એન્જીનિયરીંગની સ્નાતકની |

| | | |
|---|---|---|
| | | પદવી ધરાવતો હોવો જોઇશે. અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે.<br>**અથવા**<br>(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણ યુનિવર્સિટીમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલ બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ કોઇપણ યુનિવર્સિટીમાંથી મેળવેલ ડિપ્લોમા ઇન મિકેનિકલ એન્જીનિયરીંગ ધરાવતો હોવો જોઇશે. અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, અને<br>સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ- ૧૯૫૬ ના કાયદા હેઠળ રજીસ્ટર્ડ થયેલ લિમીટેડ કંપનીમાં મિકેનિકલ સંબંધિત કામનો લગભગ **૩ (ત્રણ) વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે<br>(ગ) કોમ્પ્યુટરના જ્ઞાન અંગે કોમ્પ્યુટર કૌશલ્યની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કાર્યક્ષમતાની તાલીમ તથા પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ નિયત થયેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા ગુજરાતી/ હિન્દી બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |

**નોંધ**:- (૧) દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૯/૨૦૧૨ અને તા. ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૨૦૦૮/ ૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઇઓ અને તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.

## ૪ [૨]. વયમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(૧) ઉપર દર્શાવેલ તમામ સંવર્ગોમાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. તે મુજબની જોગવાઇ થયેલ છે આ જોગવાઇનો લાભ જે કર્મચારી સરકારી સેવામાં નિયમિત નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારી ઉમેદવારને જ મળવાપાત્ર છે. તેથી સરકારશ્રીની હાલની કરાર આધારિત ફિકસ પગારની નીતિ અનુસાર જે ઉમેદવારો **માસિક ફિકસ પગારથી** સરકારી સેવામાં ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને આ લાભ મળી શકતો નથી. તેથી તેવા ઉમેદવારોએ આ જોગવાઇના આધારે વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર હોવાનું ગણીને (જે તે કેટેગરીના ઉમેદવારો માટે નિયત થયેલ વયમર્યાદામાં આવતા ન હોય તો) અરજીપત્રક ભરી શકાશે નહીં. તેમ છતાં અરજીપત્રક ભરવામાં આવશે તો તે કોઇ પણ તબક્કે મંડળ દ્વારા રદ કરવામાં આવશે.

(૨) જાહેરાત ક્રમાંકઃ **૮૭/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭** માટે માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

(૩) જે તે સંવર્ગની જગ્યાઓ માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૪) જે સંવર્ગની જગ્યાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેના પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦ (દશ) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ જે સંવર્ગની જગ્યાઓમાં જે તે અનામત વર્ગ માટે અનામત જગ્યા દર્શાવેલ નથી તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને કોઇ છૂટછાટ મળશે નહીં પરંતુ મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૫) જે સંવર્ગોની જગ્યા માત્ર બિન આનમત- સામાન્ય વર્ગ માટેની છે તેવી જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે/અરજીપત્રક ભરી શકશે. (અરજીપત્રકમાં તેઓએ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે કેટેગરી જ દર્શાવવાની રહેશે.) પરંતુ તેઓને વયમર્યાદામાં કોઇ છૂટછાટ મળશે નહીં. માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૬) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ ની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૭) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારો ૧૫ વર્ષ છૂટછાટ મળવાપાત્ર થશે.

(૮) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને જે તે સંવર્ગમાં જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કિટેગરીના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૫ વર્ષની

છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જે તે સંવર્ગમાં અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સંવર્ગમાં જે તે અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૯) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને જે તે સંવર્ગમાં જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કેટેગરીના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૨૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જે તે સંવર્ગમાં અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સંવર્ગમાં જે તે અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૧૦) જે સંવર્ગની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે **પરિશિષ્ટ- ૪** મુજબ (ગુજરાતી નમૂનામાં ) કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા. **૦૧/૦૪/૨૦૧૬ થી તા. ૧૯ /૧૧/૨૦૧૬** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. **(અંગ્રેજીમાં મેળવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ કોઇપણ સંજોગોમાં માન્ય ગણવામાં આવશે નહીં.)** અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૧૧) **અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

**નોંધ:**

(૧) **જા. ક્ર. ૯૫/૨૦૧૬૧૭ અને જા. ક્ર. ૯૬/૨૦૧૬૧૭** ની વિકલાંગ ઉમેદવારો માટેની જગ્યાઓ માટે હલન-ચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની ખામીવાળા (૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા કે તેથી ઓછી) વિકલાંગતાવાળા (**OA** અને **OL** ની વિકલાંગત) ઉમેદવારો માટે **સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે માન્ય ગણાશે અને ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.**

(૨) **શારીરિક વિકલાંગતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ ૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.**

(૩) **ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી પરંતુ અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા**

**પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.**

(૪) **જે વિકલાંગ ઉમેદવારો લહીયાની મદદ સિવાય પરીક્ષા આપી શકે તેમ ન હોય તેવા ઉમેદવારોએ કોઇપણ તબક્કાની પરીક્ષાના ત્રણ દિવસ પહેલાં મંડળને રજુઆત કરી લહીયાની મદદ માટેની જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે.**

જે તે વર્ગના માજી સૈનિક ઉમેદવારો સિવાય અન્ય તમામ વર્ગના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગોમાં **નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહિ.**

## ૫. <u>કોમ્પ્યુટરની જાણકારી</u>

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો **અથવા** ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ **અથવા** ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરશે.

## ૬. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે <u>તા.</u> **<u>૧૯/૧૧/ ૨૦૧૬</u>** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૭. <u>અરજી કરવાની રીત</u> :-

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા તા. **૦૮/૧૧/૨૦૧૬ (બપોરના ૧૪-૦૦ કલાક)** થી તા. **૧૯/૧૦/૨૦૧૬** (સમય રાત્રીના **૨૩-૫૯** કલાક સુધી) દરમ્યાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતાન પેટા મુદ્દા નં. (૧૪) માં પણ આપેલ છે.

## ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેઃ-

**(૧)** સૌ પ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

**(૨)** **"Apply On line"** પર Click કરવું.

**(૩)** ઉમેદવારે જાહેરાત ક્રમાંકઃ- **૮૭/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭** પૈકી જે સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરવાથી સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

**(૪)** જયારે **"Apply now"** પર Click કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી ( * ) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

**(૫)** Personal Details ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે "Educational Qualifications" પર Click કરવું.

**(૬)** જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add more education" પર **Click** કરવું.

**(૭)** જે સંવર્ગમાં અનુભવ માંગેલ હોય તે સંવર્ગમાં અનુભવની વિગતો દર્શાવવા માટે **"Experience Type"** પર Click કરવાથી અનુભવની વિગતો દર્શાવવા માટેનું ફિલ્ડ ખુલશે જેમાંથી અનુભવની વિગતો સિલેકટ કરીને તેની સામે જરૂરી વિગતો દર્શાવવાની રહેશે.

**(૮)** તેની નીચે "Self declaration" પર Click કરવું. ત્યારબાદ

**(૯)** ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

**(૧૦)** હવે "save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Nnmber" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૧૧) હવે Upload Photograph પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ત્રણ વિકલ્પ (ઓપ્શન) (૧) Ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે

ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી **'રદ'** કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. confirm application પર click કરતાં અહીં **"confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**(૧૩)** હવે print application પર Click કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો confirmation number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી

**(૧૪)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ:-** જાહેરાત ક્રમાંકઃ **૮૭/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭** સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબરઃ**-૦૭૯-૨૩૨૫૩૬૨૮** પર સંપર્ક કરી શકાશે.

## ૮. **પરીક્ષા ફીઃ-**

- ફોર્મ ભરતી વખતે " **General** " કેટેગરી **Select** કરી હોય (દર્શાવી હોય) તેવા **(PH** તથા **Ex.Servicemen** કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અનામત કક્ષાના ઉમેદવાર જો બિન-અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેમણે પરીક્ષાફી ભરવાની રહેશે નહીં. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત

વર્ગના ઉમેદવારોએ ઓન-લાઇન એપ્લીકેશનમાં પોતાની કેટેગરી દર્શાવવાની રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે.

- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

  (ક) અનુસૂચિત જાતિ **(SC)**

  (ખ) અનુસૂચિત જન જાતિ **(ST)**

  (ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ **(SEBC)**

  (ઘ) માજી સૈનિક **(Ex.Serviceman)** તમામ કેટેગરીના

  (ચ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો **(PH)** તમામ કેટેગરીનાં

- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, **પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ. ૧૨/- પોસ્ટલ ચાર્જીસ** ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા. **૨૨/૧૧/૨૦૧૬ (કચેરી સમય સુધી)** ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- " General" કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "રદ" કરવામાં આવશે.

## ૯. પરીક્ષા પધ્ધતિ :-

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. -/૦૮/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૫/૬૫૫/ક, તા.૨૯/૦૯/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ

ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ક, તા.૧૭/૦૫/૨૦૧૬ ના પત્ર પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ક, તેમજ તા.૨૧/૧૦/૨૦૧૬ પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ક થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં **સ્પર્ધાત્મક લેખિત કસોટી** અને (૨) બીજા તબક્કામાં **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ** - એમ બે કસોટીઓ લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

## (૧) સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા)

સ્પર્ધાત્મક લેખિત કસોટીનો અભ્યાસક્રમ- ગુણભાર નીચે મુજબનો રહેશે.

**(અ)** તાંત્રિક સંવર્ગોનાં ભરતી નિયમોમાં જ્યાં આઇ.ટી.આઇ. અથવા ડિપ્લોમાંની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોનો અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

**(જાહેરાત ક્રમાંક -૮૭/૨૦૧૬૧૭, થી ૯૨/૨૦૧૬૧૭ અને ૯૪/૨૦૧૬૧૭ માટે )**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વિગેરે | ૨૦ | ૯૦ મીનીટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૦૫ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૬૦ | |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

**નોંધઃ** (૧) પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(૨) ક્રમ- ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ-૧૦ (S.S.C.) ની સમકક્ષ રહેશે. ક્રમ- ૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.

(બ) તાંત્રિક સંવર્ગોનાં ભરતી નિયમોમાં જ્યાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોનો અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

(જાહેરાત ક્રમાંક -૯૩/૨૦૧૬૧૭, અને ૯૫/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭ માટે)

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વિગેરે | ૩૦ | **૧૨૦ મીનીટ** |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૯૦ | |
| | **કુલ ગુણ** | **૧૫૦** | |

**નોંધઃ** (૧) પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(૨) ક્રમ- ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ-૧૨ (**H.S.C.**) ની સમકક્ષ રહેશે. ક્રમ- ૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.

(૩) **જે તે સંવર્ગની જાહેરાત અન્વયે ઉમેદવારો તરફથી ઓન-લાઇન રજીસ્ટર્ડ (કન્ફર્મ) થયેલ અરજીપત્રકોની સંખ્યાને ધ્યાને લઇ મંડળ ધ્વારા તે સંવર્ગની MCQ -OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી કે MCQ પધ્ધતિથી ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી તે નકકી કરવામાં આવશે.**

(૪) પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે ઉમેદવારોને કવોલીફાય થયેલ ગણવા માટેના લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર મંડળ દ્વારા જે તે સમયે નિયત કરવામાં આવશે. પરંતુ તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે **૪૦ ટકા માર્કસ** કરતાં ઓછું લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. અને આમ, મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ લાયકી ગુણની વિગતો અને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય કરવા) ગણવામાં આવશે. અને તેવી રીતે લાયક ઠરેલ (કવોલીફાય થયેલ) ઉમેદવારોને જ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ આપવાની રહેશે.

## (૨) કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ- ( બીજા તબક્કાની પરીક્ષા)

પ્રથમ તબક્કાની સ્પર્ધાતમક લેખિત પરીક્ષાના પરિણામને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલ ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ લેવામાં આવશે. જેની વિગતો. નીચે મુજબની રહેશે.

જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦, અથવા ધોરણ-૧૨ પાસ અથવા તેની સમકક્ષ અથવા આઇ. ટી. આઇ. અથવા દિપ્લોમાની નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી પરીક્ષાનો અભ્યાસક્રમ

**( જાહેરાત ક્રમાંક -૮૭/૨૦૧૬૧૭, થી ૯૨/૨૦૧૬૧૭ અને ૯૪/૨૦૧૬૧૭માટે )**

| **સમય - ૧-૦૦ કલાક** | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૦ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૦ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૦ ગુણ |
| | **કુલ ગુણ** | **૫૦ ગુણ** |

જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધું નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી પરીક્ષાનો અભ્યાસક્રમ

**( જાહેરાત ક્રમાંક -૯૩/૨૦૧૬૧૭, અને ૯૫/૨૦૧૬૧૭ થી ૯૭/૨૦૧૬૧૭ માટે )**

| **સમય - ૧-૧૫ કલાક** | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ ગુણ |

| | | |
|---|---|---|
| | કુલ ગુણ | ૭૫ ગુણ |

## (૩) પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-

ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ -એમ બંને કસોટીમાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં અવશે.

## ૧૦. સામાન્ય શરતો:-

(૧) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ- વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૩) બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૪) (૧) અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે. **(૨) સા. અને શૈ.પ.વર્ગના** ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ **પરિશિષ્ટ**- ૪ (ગુજરાતી) ના નમુનામાં તા. ૩૧/૩/૨૦૧૬ ના રોજ પુરા થયેલ નાણાંકિય વર્ષ **૨૦૧૫-૨૦૧૬** માટેનું અર્થાત **તા. ૧/૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા. ૧૯/૧૧/૨૦૧૬** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. **(અંગ્રેજીમાં મેળવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.)** સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નમૂનામાં નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. **(૩)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના

પરિણીત મહિલા ઉમેદવારોએ આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (૪) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર મંડળ ધ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૫) પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૬) બિનઅનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. (૭) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે અને ત્યારબાદ પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં મંડળની કચેરીમાં રજુ કરવાના રહેશે. (૮) આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું. (૯) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. (૧૦) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨

માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. (૧૧) મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

## ૧૧. સામાન્ય સુચનાઓ:-

(૧). ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૨). અરજદારે અરજીપત્રમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

**(૩). ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

**(૪). ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.**

(૫) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય

ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-**(ક)** મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અનય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૬) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ધ્વારા "**રદ**" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "**રદ**" કરવામાં આવશે.

(૭) મંડળ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી કે ટાઇપીંગ કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૮) પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૯) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**૧૨.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:- ૦૮/૧૧/૨૦૧૬**
**સ્થળ:- ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**
**ગાંધીનગર**